ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૧-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

## સોનિયા ગાંધીનું ધર્મસંકટ : રાહુલ ગાંધીનો અઘોષિત રાજયાભિષેક

દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતીની બેઠકમાં યુવા કોંગ્રેસ સહિત મોટા ભાગના તમામ કોંગ્રેસી અગ્રણીઓ રાહુલ ગાંધીને કોંગ્રેસના વડાપ્રધાનપદના ઉમેદવાર બનાવવાનો આગ્રહ કરતા રહ્યા તેમ છતાં સોનિયા ગાંધીએ દૃઢતાપૂર્વક એમના ભાષણની શરૂઆતમાં જ જણાવી દીધું કે રાહુલને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર નહીં કરવાનો મારો નિર્ણય અફર રહેશે. રાહુલના નેતૃત્વમાં આગામી ચૂંટણી લડાશે, એ પછી સંસદસભ્યો જ એમનો નેતા ચૂંટશે. કોંગ્રેસની આ વર્ષો જૂની પરંપરા છે અને એ પરંપરાને અમે વળગી રહેવા માગીએ છીએ. સોનિયા ગાંધીના આ વલણથી રાહુલને વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર કરવાના મુદ્દે કાર્યકરોનો ઉત્સાહ શમવાને બદલે ઊલટાના વધારે ઊંચા અવાજે રાહુલ-રાહુલના સૂત્રોચ્ચાર ચાલુ થતાં આખરે જનાર્દન દ્વિવેદીને કહેવું પડ્યું કે સત્રમાં પસાર થનાર પ્રસ્તાવમાં તમને અપેક્ષાઓ મુજબના સંકેત મળી શકે છે, જરા ધીરજ રાખો. દ્વિવેદીના આશ્વાસન પછી પણ શ્રોતાવૃંદ શાંત નહીં પડતાં રાહુલે પોતે ઉપસ્થિત થઈને શાંતિ જાળવવા અપીલ કરવી પડી. પોતે કોઈપણ જવાબદારી સ્વીકારવા તૈયાર હોવાનું તેઓ અગાઉ કહી ચૂક્યા છે. વળી મનમોહનસિંહ સહિત તમામ વરિષ્ઠ નેતાઓ રાહુલ વડાપ્રધાનપદ સંભાળવાની પૂરી ક્ષમતા ધરાવતા હોવાનાં નિવેદન કરતા રહ્યા છે. વડાપ્રધાને એમના ભાષણમાં સરકારની ઉપલબ્ધિઓ ગણાવી અને મંદીના દોરમાં પણ સરકારે વિકાસદર એક વિશેષ સ્તર પર ટકાવી રાખ્યાની વાત કરી. વિધાનસભાઓની ચૂંટણીમાં કોંગ્રેસને મળેલી હાર વિશે સોનિયા ગાંધી અને મનમોહનસિંહ બેઉએ વિનમ્રતાપૂર્વક એમાંથી બોધપાઠ લઈ આગામી સમયમાં પ્રજા સમક્ષ વધુ ઉત્સાહપૂર્વક પહોંચી જઈ કોંગ્રેસ સરકારની ઉપલબ્ધિઓની સમજણ આપવાની જરૂર હોવાની વાત કરી. મોંઘવારી જેવા મુદ્દે વડાપ્રધાને જરા 'હટ કે' વાત કરી. મોંઘવારીથી ખેડૂતોને લાભ થયો હોવાની રજૂઆત કરી. છેલ્લે એમણે રાહુલ ગાંધીના નેતૃત્વમાં પ્રચાર ઝુંબેશ ચલાવવાથી લોકસભાની ચૂંટણી જીતવાનો આશાવાદ પણ વ્યક્ત કર્યો. દસ વર્ષની મનમોહન સરકારની ઉપલબ્ધિઓ પ્રજા સુધી સરખી રીતે પહોંચી નથી, એ વાતનો વડાપ્રધાને સ્વીકાર કર્યો. એમણે ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટેનાં તમામ પગલાં લીધાં હોવાની વાત કરી. લોકપાલ બિલ કોંગ્રેસ સરકાર જ લાવી હોવાની રજૂઆત કરી તથા ભૂલો થઈ હોવા છતાં પાર્ટીની દાનત સાફ હોવાનો દાવો કર્યો. સોનિયાએ કર્યું કે ક્યાંક ચૂક રહી ગઈ હોય તો એને 'ભ્રષ્ટાચાર'માં નહીં ખપાવવી જોઈએ. બેઉ નેતાઓ રક્ષણાત્મક સ્થિતિમાં આવી ગયાં હોય એવી ભાષામાં વાત કરતાં રહ્યાં; એમાં પ્રજાને સવિશેષ કોંગ્રેસ શાસનથી નારાજ મધ્યમવર્ગને એનાં કોંગ્રેસ વિરોધી વલણથી પાછો વાળી શકાશે એવી અપેક્ષા વરતાતી હતી. હકીકતએ છે કે પાર્ટી પ્રજાથી ઘણી દૂર ચાલી ગઈ છે. મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચારના મુદ્દા પર પ્રજામાં શાસક કોંગ્રેસ પક્ષ પ્રત્યે ભારે નારાજગી પ્રવર્તી રહી છે. માહિતી અધિકાર, રોજગારનો અધિકાર અન્ન અધિકાર અને લોકપાલ સહિતનાં પગલાં મનમોહનસિંહ સરકારની જ દેણ હોવા છતાં અને મંદીના વૈશ્વિક દોરમાં પણ સાત ટકાથી ઉપર વિકાસ દર જાળવી રાખવામાં સફળ રહ્યા પછી પણ આજે દેશભરમાં મનમોહન સરકાર પ્રત્યે લોકોનો મોહભંગ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. આવું ફકત વિપક્ષના દુષ્પ્રચારને કારણે જ થયું છે, એવી અવધારણા માત્ર પોતાની ભૂલો છાવરવાનું વલણ જ દર્શાવે છે. એ સાચું કે યુપીએ સરકારની ઘણી બધી ઉપલબ્ધિઓ છેલ્લાં વર્ષો દરમિયાન બહાર આવેલાં કૌભાંડો અને વિશેષ તો જનસાધારણને સ્પર્શતી રોટી, કપડાં અને મકાન જેવી પાયાની જરૂરિયાતો મેળવવામાં પડી રહેલી મુશ્કેલીને કારણે દબાઈ ગઈ છે. વિપક્ષની ધુવાંધાર પ્રચાર ઝુંબેશ સામે કોંગ્રેસના નેતાઓ એમની સરકારનાં ઊજળાં પાસાં ઉજાગર કરવામાં સરિયામ નિષ્ફળ રહ્યા છે. વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસના કર્તાહર્તા અને સમાહર્તા ખુદ રાહુલ ગાંધી જ હતા, એમણે એંગ્રી યંગમેનની અદાથી અનેક રેલીઓ સંબોધી હતી, ખુદ વડાપ્રધાનને ભોંઠપ અનુભવવી પડે તે હદે ચોખલિયાપણું દાખવીને ભ્રષ્ટાચારી સાંસદોને બચાવતા વટહુકમના લીરા ઉડાડયા હતા. છતાં પ્રજાએ એમને ગંભીરતાથી લીધા નહોતા, એ એક દીવા જેવી સ્પષ્ટ હકીકત છે. એથી રાહુલ ગાંધીને આગળ ધરીને ૨૦૧૪ના ચૂંટણી જંગમાં ઊતરવાથી કોઈ ચમત્કાર સર્જી શકાશે એવા ભ્રમમાં તો ખુદ સોનિયા ગાંધી પણ ન જ હોય તે સમજી શકાય એમ છે. વિપક્ષે નરેન્દ્ર મોદીને મેદાનમાં ઉતારીને જે વાવાઝોડું સર્જર્યું છે તે રાહુલ ને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે આગળ ધરવાથી ખાળવાનું મુશ્કેલ લાગી રહ્યું છે. પરંતુ પાર્ટી પાસે હુકમનું બીજું પાનું તો બચ્યું નથી. પ્રણવ મુખર્જી જેવા વરિષ્ઠ અને વિચક્ષણ નેતાને રાષ્ટ્રપતિભવનમાં ખસેડી દેવાયા પછી અને મનમોહનસિંહની બીજી ઈનિંગ્સ સાવ જ નિસ્તેજ અને નિરાશાજનક રહ્યા પછી કોંગ્રેસ પાસે ગાંધી પરિવારનાં જ બે ફરજંદો વચ્ચે પસંદગીનો અવકાશ રહ્યો હતો. પ્રિયંકા ગાંધીને આગળ ધરી દેવાથી રાહુલ ગાંધી અપમાનજનક સ્થિતિમાં મુકાઈ જવાની સંભાવના હતી. એથી પ્રિયંકાને માત્ર વ્યૂહરચનાકાર તરીકે, પરામર્શક તરીકે અને અમેઠી-રાયબરેલીની પૈતૃક બેઠકો માટેનાં સંયોજક તરીકે સ્વીકારાયાં છે. સોનિયા ગાંધીએ બહુ જ સંયત ભાષામાં જણાવી દીધું છે કે લડાઈ બે વિચારધારાઓ વચ્ચે થવાની છે.

## શિક્ષિત બેરોજગાર માટે ઈન્ટરવ્યુ માર્ગદર્શન તાલીમ શિબિર

ગાંધીનગર, તા.૧૭

રાજ્યના શિક્ષિત બેરોજગાર યુવક-યુવતિઓ માટે યુવક, સેવા અને સાંસ્કૃતિક -વૃત્તિઓ, ગાંધીનગર દ્વારા -દેશિક કક્ષાની ઈન્ટરવ્યુ માર્ગદર્શન તાલીમ શિબિર આગામી ફેબ્રુઆરી-માર્ચ-૨૦૧૪ દરમિયાન યોજાશે. તાલીમ શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક-યુવતીઓએ નિયત કરેલી વિગતોવાળી સ્વહસ્તાક્ષર અરજી ૩૦ જાન્યુઆરી, ૨૦૧૪ સુધીમાં સંબંધિત જિલ્લા રમતગમત અધિકારીને મોકલવાની રહેશે.

વધુમાં નિયત અરજીમાં ઉમેદવારે પોતાનું પુરૂં નામ, સરનામું, જન્મ તારીખ (જન્મનું -માણપત્ર), ઉંમર (વર્ષ, માસ અને દિવસ), શૈક્ષણિક લાયકાત (પુરાવા સાથે), વિશેષ લાયકાત, નોકરી-ધંધાને લગતી પસંદગીનો -કાર, રોજગાર વિનિમય કચેરીનો નોંધણી નંબર, તારીખ અને પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટોગ્રાફ મોકલવાનો રહેશે. અરજી મોકલવા માટે અમદાવાદ -દેશમાં મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદ, ખેડા, આણંદ, ગાંધીનગર, કચ્છ અને અરવલ્લી જિલ્લાના ઉમેદવારો જિલ્લા રમતગમત અધિકારી, બહુમાળી ભવન, બ્લોક નં.૧, ત્રીજોમાળ, રાજમહેલ રોડ, મહેસાણા (ફોન નં. ૦૨૭૬૨-૨૨૨૬૦૨), રાજકોટ -દેશમાં ભાવનગર, સુરેન્દ્રનગર, અમરેલી, રાજકોટ, જામનગર, જૂનાગઢ, પોરબંદર, સોમનાથ, બોટાદ, મોરબી અને દેવભૂમિ દ્વારકાના ઉમેદવારોએ જિલ્લા રમતગમત અધિકારી, બહુમાળી ભવન, એનેક્ષી બિલ્ડીંગ રૂમ નં. જી-૧, ભાવનગર (ફોન નં. ૦૨૭૮-૨૪૩૨૭૬૫) તેમજ વડોદરા -દેશમાં સુરત, વલસાડ, નવસારી, તાપી, ભરૂચ, નર્મદા, ડાંગ, વડોદરા, પંચમહાલ, દાહોદ, મહીસાગર અને છોટાઉદેપુરના ઉમેદવારોએ જિલ્લા રમતગમત અધિકારી, હોસ્ટેલ ગ્રાઉન્ડ, સેવાશ્રમ સામે, ભરૂચ (ફોન નં. ૦૨૬૪૨ ૨૪૨૩૫૫)ને સમયમર્યાદામાં મોકલી આપવાની રહેશે. અગાઉના શિબિરમાં જેઓએ ભાગ લીધો હોય તેમણે અરજી કરવી નહીં, તેમ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક -વૃત્તિઓ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.






સાબરકાંઠા જિલ્લાના તાજપુર ખાતે નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ સાબર ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી ફોર ગર્લ્સની વિદ્યાર્થિની કુ. ઋતુ અટાલીય કોમ્પ્યુટર એન્જિનિયરીંગમાં સમગ્ર ગુજરાત ટેકનોલોજીક યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થતા અમદાવાદ જી.ટી.યુ.માં તેમનું ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રીમતી કમલા બેનીવાલની ઉપસ્થિતિમાં સન્માન કરવામાં આવ્યું હતું. આકાર્યક્રમમાં ડૉ. જી.પી. વડોદરિયા, એઆઈસીટીઈના ચેરમેન ડૉ. એસ.એસ. મન્થા, જીટીયુના કુલપતિ ડૉ. અક્ષય અગરવાલ તેમજ પદ્મશ્રી ડૉ. વિજય ભાસ્કર જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સાબર ઈન્સ્ટીટ્યુટના ચેરમેન સહિત સંચાલક મંડળે કુ. ઋતુ તેમજ સંસ્થાના કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટને અભિનંદન પાઠવ્યા હતા.

## લાઈટસ, એકશન, કેમેરા : શોર્ટ ફિલ્મ કોમ્પીટીશનનો આજે એવોર્ડ સમારંભ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરનાં લેયર ફાઉન્ડેશન દ્વારા 'લાઈટસ, એકશન, કેમેરા...' નામની શોર્ટ ફિલ્મ મેકિંગ સ્પર્ધા આયોજીત કરવામાં આવી હતી. જેનો એવોર્ડ વિતરણ સમારોહ આવતીકાલે સે-૧૨ના આંબેડકર હોલ ખાતે યોજાનાર છે.

ગાંધીનગરમાં યોજાયેલી આ સ્પર્ધાને ખૂબ જ ઉત્સાહપૂર્ણ પ્રતિભાવ મળ્યો હતો અને આ સ્પર્ધામાં ગાંધીનગર અને ગુજરાત રાજય સિવાય મહારાષ્ટ્ર, રાજસ્થાન અને હૈદ્રાબાદ જેવા વિવિધ પ્રદેશોમાંથી પણ યુવાન સર્જકોએ તેમની કૃતિઓ મોકલી છે. આ એવોર્ડ સમારોહમાં તમામ સ્પર્ધકોમાંથી વિજેતાઓ ઘોષિત કરાશે. જેમને એવોર્ડથી નવાજવામાં આવશે. ગાંધીનગરની કલાપ્રેમી જનતા માટે આ એવોર્ડ વિતરણ સમારોહમાં પ્રવેશ નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

## બોર્ડ પરીક્ષાના આયોજન માટે આજે સામાન્ય સભા

અમદાવાદ, તા.૧૭

બે દાયકા બાદ ૨૪ સભ્યોની માંગને પગલે બોર્ડ બેઠક બોલાવી : અનેકવિધ પગલાની સમીક્ષા-પરીક્ષા કેન્દ્રોની ફાળવણી-સ્કવોર્ડની રચના થશે ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિના બીજા સપ્તાહમાં ધોરણ-૧૨ની પરીક્ષા યોજવામાં આવી છે. ૨૦૧૪ માર્ચ માસમાં લેવાનારી બોર્ડની પરીક્ષાના આયોજન માટે શનિવારે પ્રથમવાર ખાસ સામાન્ય સભા મળી રહી છે.

દર વર્ષે શિક્ષણ બોર્ડની પરીક્ષા સમિતિ ધોરણ ૧૦-૧૨ની પરીક્ષાલક્ષી આયોજન કરતું હોય છે પરંતુ આ વર્ષનું શિક્ષણ બોર્ડના ૨૪ સભ્યોને પત્ર પાઠવીને પરીક્ષાલક્ષી આયોજન માટે ખાસ સામાન્ય સભા બોલાવવા માંગણી કરી હતી. શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ માસમાં લેવાનાર પરીક્ષા સંબંધે પરીક્ષા કેન્દ્રોની ફાળવણી, પરીક્ષા કેન્દ્રોની સુવિધા લાયકાતવાળા સુપરવાઈઝરો, પેપર નિરીક્ષકો ચેકીંગ સ્કવોર્ડ સહિતની બાબતોનો માસ્ટર પ્લાન ઘડાશે. ધોરણ ૧૦માં સમગ્ર ગુજરાત રાજ્યમાં કુલ ૧૧ લાખ અને ધોરણ-૧૨ વિજ્ઞાન તેમજ સામાન્ય પ્રવાહમાં ૬ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

## દાઉદી વહોરા સમાજના ધર્મગુરુ ડૉ. સૈયદના મોહંમદ બુરહાનુદીન સાહેબના નિધન પર શોક વ્યકત કરતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ દાઉદી વહોરા સમાજના સર્વોચ્ચ ધર્મગુરુ ડૉ. સૈયદના મોહમંદ બુરહાનુદ્દીન સાહેબના નિધન પર ઉંડા શોકની લાગણી વ્યકત કરી છે.

તેમના શોક સંદેશમાં રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે ધર્મગુરુ ડૉ. સૈયદના સાહેબના દુઃખદ નિધનથી દાઉદી વહોરા સમાજને ન પૂરાય તેવી ખોટ પડી છે. ડૉ. સૈયદના સાહેબના માનવતાવાદી ઉપદેશો સામાજિક જીવનની ઉન્નતિ માટે અત્યંત પ્રસ્તુત છે.

## વિદ્યાર્થીઓની શકિતઓ ખિલવવા બાલોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સે-૨૩ સ્થિત આર.સી. પટેલ શાળામાં વિદ્યાર્થીઓ માટે બાલોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો-૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની આંતરિક શકિતઓ ખીલવી હતી.

બાલોત્સવમાં બાળકો માટે સ્લો સાયકલ, ફુગ્ગા દોડ, કોથળા દોડ, ગોળા ફેંક, ત્રિપગી દોડ, મહેંદી સ્પર્ધા, રંગોળી સ્પર્ધા તેમજ વેસ્ટમાંથી બેસ્ટ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લઈ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું હતું જયારે શાળાના તમામ શિક્ષકોએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું. શાળાના આચાર્ય ચિનુભાઈ પટેલ, સંજય ત્રિવેદી, ડો. અરવિંદ પટેલ, સહિત શાળા પરીવારે વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી બિરદાવ્યા હતા.

## હરિની દૃષ્ટિ...




## ગાંધી દર્શન વિષે વાર્તાલાપ

ગાંધીનગર, તા.૧૭

ગાંધી મિત્ર વર્તુળ દ્વારા આજ રોજ શનિવાર સવારે ૧૦-૦૦ કલાકે આરાધના વિદ્યાવિહાર સેકટર-૨૮ ખાતે સાહિત્યકાર ભાનુપ્રસાદ પુરાણી દ્વારા ગાંધીજીવન દર્શન વિષયે વાર્તાલાપ યોજાશે. શાળાના વિદ્યાર્થીઓની હાજરીમાં વાર્તાલાપ કરવામાં આવશે. જમાં વિદ્યાર્થીઓને ગાંધીજીની આત્મકથા ભેટ સ્વરૂપે આપવામાં આવશે. કાર્યક્રમમાં સર્વે ગાંધી મિત્રોને હાજર રહેવા જણાવ્યું છે.

## માણસા કોલેજમાં રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસ.ડી. આર્ટ્સ એન્ડ બી.આર. કોમર્સ કોલેજ માણસા ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી અને સંસ્કૃત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે ચતુર્વેદમાં નિરૂપિત માનવ વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો.

કવિ રાજેન્દ્ર શાહ ભારતીયતાના સંદર્ભે અને વર્તમાન માનવ વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. જેમાં રાજેન્દ્ર શાહની સંગીતમય રચનાઓ પ્રસ્તુત કરવામાં આવી હતી.આ પ્રસંગે ડૉ. મણિભાઈ પ્રજાપતિ, પી.પી. રાઓલ, જયદેવ શુકલ, પુષ્પાબેન ભટ્ટ, રાજેન્દ્ર પટેલ સહિત મોટી સંખ્યામાં સાહિત્ય રસિકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જૂના પુસ્તકો સસ્તા દરે મળશે

ગાંધીનગર, તા.૧૭

શહેરના પુસ્તક પ્રેમીઓ માટે રાજય મધ્યસ્થ ગ્રંથાલય સેકટર-૧૭ ખાતે આજ રોજ સવારે ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક દરમિયાન જુના પુસ્તકો વેચાણે મુકવામાં આવશે. રસ ધરાવતા પુસ્તક પ્રેમીઓ અને સાહિત્યરસિકોને લાભ લેવા જણાવ્યું છે.

## પ્રદેશ કક્ષાની સ્પર્ધામાં વિજયી

ગાંધીનગર, તા.૧૭

તાજેતરમાં કચ્છના માધાપર ખાતે ગુજરાત પ્રદેશ કક્ષાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં રાંધેજા ઈંગ્લીશ સ્કુલના બાળકોએ ભાગ લઈ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યુંહતું.

બાળકોની શકિત વિકસે તેથી કચ્છના માધાપર ખાતે ગુજરાત પ્રદેશ કક્ષાની સ્પર્ધા યોજવામાં આવી હતી સ્પર્ધામાં ૧૦ જિલ્લાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓએ લોકગીત, લગ્નગીત, લોકનૃત્ય જેવી સ્પર્ધામાં ભાગ લઈ વિજયી પ્રદર્શન કર્યું હતું. જેમાં લોકગીત સ્પર્ધામાં સ્કુલનો વિદ્યાર્થી રાજુભાઈ બઢિયા લોકગીતમાં પ્રથમ, લગ્નગીતમાં નેહા પટેલ, ભૂમિકા પટેલ, વિધિ સુથાર, આશા શર્માએ બીજો અને લોકનૃત્યમાં શાળાના ગૃપે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. તમામ વિદ્યાર્થીઓ સુરત ખાતે યોજાનાર રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

# વિનોબા કહે છે કે ફલાસકત કરતાં ફળ ત્યાગીને વધારે ફળ મળે છે

### સંસ્કાર ચિંતન

\- અનંત ન. વ્યાસ

અથ ચિતં સમાધાતું ન શકતોષિ મયિ સ્થિરમ્
સર્વ કર્મ-ફલ ત્યાગ કુરુ યતાન્મવાન
શ્રીમદ્ ભગવદ્ ગીતા ખ-૧૨-શ્લોક ૯/૧૦-૧૧

શ્રીમદ્ ભગવદ્- ગીતાના બારમા અધ્યાયમાં ભગવાને સગુણ-નિર્ગુણ ઉપાસનાની વિશદ્ ચર્ચા કરી છે. શ્રીકૃષ્ણ સ્પષ્ટ જણાવે છે કે સામાન્ય સાધક માટે સગુણની ઉપાસના વધારે સારી, શ્રેયસ્કર છે. સાધક સગુણનો ઉપાસક હોય કે નિર્ગુણનો, તેનું ગંતવ્ય લક્ષ્ય તો પ્રભુનું શરણ છે. પરમાત્માના સ્મરણમાં મન સ્થિર કરવાનું છે મેં એ સહજ ભાવે સ્થિર ન થાય તો તે માટે ત્રિવિધ માર્ગોનું દર્શન ઉપરના ત્રણ શ્લોકમાં કરાવાયું છે. ગીતા યુવાનોને કેટલું માર્ગદર્શન આપે છે તે આ શ્લોકો દર્શાવે છે. યુવાનો પોતાની આધુનિક વિચારસરણીથી પણ જો આ શ્લોકો પર ચિંતન કરે તો, પ્રગતિ માટેનું પોતાનું લક્ષ્ય પામી શકાય છે. દરેક વ્યક્તિએ પોતાના ભાવિનું એક ગુલાબી ચિત્ર મનમાં કંડાર્યું હોય છે. નોકરી કરનાર- વ્યાપારી વ્યવસાયિક કે કલાકાર સૌને પોતાની પ્રગતિમાં રસ હોય છે. માત્ર ત્યાં પહોંચવા માટેની સતત જાગૃતિ તથા માર્ગનો ખ્યાલ નથી તેથી લોક વિકૃત માર્ગ અપનાવે છે. ગીતા ધાર્મિક ગ્રંથ છે તેમાં ભલે ધર્મ, કર્મ જેવા પારિભાષિક શબ્દો પ્રયોજાયા હોય તેનો આધુનિક અન્વય પણ થઈ શકે.

અર્જુનના મનની દ્વિવિધા પારખી ભગવાન કહે છે. જો તારું મન મારામાં સ્થિર ન થાય તોું અભ્યાસ યોગનો આશ્રય લે. ગીતાજીના તત્કાલીન અર્થ પ્રમાણે તો અભ્યાસ યોગ એટલે પરમાત્માનું નામ સ્મરણ પણ પરમ તત્વના શરણે પહોંચવું એટલે આપણે માન્ય કરેલ લક્ષ્ય પામવું તેમ જો વિચારો તો? તે માટે પણ અભ્યાસ યોગ એટલો જ મહત્વ ધરાવે છે. દરેક વ્યક્તિ પોતે જે કાર્ય કરે છે. તેમાં નિપૂર્ણ થાય તે જરૂરી છે. આપણા કાર્યનું બરાબર અવલોકન કરવું. કાર્ય કેમ વધારે સારું થાય તેનું ચિંતન મનન કરવું. સમાન ધર્મ કાર્યકરો સાથે બેસી વિચાર વિનિમય કરવો, કાર્ય માટે જોઈતી આર્થિક વ્યવસ્થા કેમ થઈ શકે તેવું વિચારવું. તે માટેની વ્યવસ્થા ગોઠવવી. પોતાના કાર્યના જે નિષ્ણાતો છે જે ઉચ્ચકક્ષાએ પહોંચ્યા છે તેના અનુભવો સાંભળવા પોતાના સહ કાર્યકરો નીચેના માણસો, સાથે સુલકાઈથી વર્તવું. આ તમામ બાબતો ઊંડો અભ્યાસ માગી લે છે. અહીં અભ્યાસનો અર્થ ગ્રંથો ઉથલાવવા તેવો ન કરતા જે સિદ્ધિ પામવી છે તેના સાધનરૂપ આપણા કાર્યનું જ ધ્યાન કરવું. પોતે જે સ્થાન પર છે જે ખુરશી સંભાળે છે તેના પણ કેટલાક ધર્મો કે નિયમો છે. આ નિયમોનું પાલન કરી પોતાના ભાગ્યમાં આવેલું કામ કરવાથી અનુપમ સિદ્ધ મળે છે. શ્રીકૃષ્ણના શબ્દોમાં કહીએ તો પોતાના કર્મનો સતત અભ્યાસ ઊર્ધ્વ ગતિ અપાવે છે. અભ્યાસમાં કંટાળો આવે, સાતત્ય તૂટે તો ધારી સફળતા મળતી નથી. સમય પાલન અને નિયમિતતા એ તો અભ્યાસના અતિ મહત્વના પાસા છે. સમયસર જો તમે ઓફિસમાં આવી કામ પર લાગી જતા હશો તો તમારી અવશ્ય કદર થવાની અભ્યાસ એ આપણાં કર્મ પરત્વે પ્રેમભાવ વધારવાની કૂંચી છે.

ભગવાને અર્જુનને અભ્યાસની મહત્તા તો સમજાવી પણ અર્જુન યુવાન પેઢીનો પ્રતિનિધિ ખરોને તેથી તેના મનમાં કદાચ વાત ઊતરી નહીં. કદાચ તેણે તો ભગવાન સામે જોઈ પ્રશ્ન કર્યો હશે. પ્રભુ મારાથી આ અભ્યાસ યોગ હવે સધાય તેમ નથી. પરમ ગતિને પામવા કોઈ અન્ય માર્ગ ખરો? ભગવાને તુરત કહ્યું છે હા છે. અભ્યાસ કરતાં પણ વધારે સરળ માર્ગ છે તે સાંભળવું. જો તારાથી નિયમિત અભ્યાસ ન થતો હોય તો તું મારા માટે યજ્ઞાર્થ કાર્ય કર. તારા કાર્યો મન અર્પણ કર. આમ કરવાથી પણ તું સિદ્ધિ પ્રાપ્ત કરી શકીશ.

પોતાના બ્રહ્મ તરફ આગળ વધવા ઈચ્છતા તમામ માટે આ મહત્વની વાત છે. કર્મ ભગવાનને અર્પણ કરો એટલે ભાગવના- પૂર્વક, પ્રેમ પૂર્વક તમારા કાર્યો કરો. તમે જે કાર્ય કરો છોૃ બલે શાળામાં ભણાવતા હો. કે કોઈ કુંચનીના ડાયરેકટર હો.. તમારું દૈનિક કર્મ ભાવપૂર્વક થવું જોઈએ. માત્ર ફરજ બજાવવા કે વ્યવહાર ચલાવવા આપણે કર્મ કરતા નથી. પરંતુ આપણા મનના પવિત્ર પ્રેમભાવને કર્મ નિમિત્તે વહેવડાવીએ છીએ. કહેવાય છે ભગવાન ભાવના ભૂખ્યો છે તો કર્મમાં ભાવ ભરો. ભગવાને બીજા અધ્યાયમાં કર્મ, વિકર્મ, અકર્મ તેમ ત્રણ પ્રકાર ગણાવ્યા છે. આપણે ચોથો પ્રકાર તે કુકર્મ વધારે કરીએ છીએ. ત્યાં વિકર્મ એટલે ભાવ પૂર્વક કરવાનું વિશિષ્ટ કર્મ, વિકર્મ એટલે ભાવ પૂર્વક કરવાનું વિશિષ્ટ કર્મ કર્મ તો જડ છે જો તમે તેમાં ભાવ પુરશો તો તે પ્રાણવાન બનશે. વર્ગમાં દાખલ થતો શિક્ષક બગાસાં ખાતો હોય તો તે શું ભણાવે છે? આવેલી અરજી પર નિયમ પ્રમાણે નથી તેવા તે શબ્દો લખીને પણ પાછી મોકલાય. અને શા નિયમો છે તે દર્શાવી. અરજદારને તે પ્રમાણે ફરી અરજી કરવાનું સૂચવી શકાય. પ્રથમમાં માત્ર ટેબલ વર્ક છે જ્યારે બીજામાં તમારો માનવીય ભાવ છે. આ તો રોજનો ઘસડ બોળો છે. તેમાં ભાવ કયાં ભરવા તેવું વિચારનાર કરકૂન વહેલો વૃદ્ધ થઈ જાય છે. સોની નોટના કાગળની કિંમત કેટલી. પણ તેની પર છાપ છે ને એ છાપનું ગૌરવ છે. તમારા કામ પર તમારા વ્યક્તિત્વની છાપ ઊઠવી જોઈએ. આ લખાણ તો અમુક માણસનું છે તેવું તે વાંચીને જ કહી શકાય.

આપણાં કર્મ પર આપણી છાપ પડે છે. સુદામાએ ભેટમાં આપેલ તાંદુલની કિંમત થી હશે. લગભગ શૂન્ય પણ ભગવાને તુચ્છ ભેટ ભારે કરી માની કારણ તેના કણકણમાં સુદામાનો પ્રેમભાવ હતો. આજે આપણે બાળકોને જન્મ દિવસની ભેટ આપીએ છીએ તેમાં કિંમત નથી જોવાતી. માત્ર ભાવ જોવાય છે તેમ જે કર્મ ભાવથી થાય તેમાં ચોક્કસતા આવે, સ્વચ્છતા આવે અને નિર્ણાયત્મકતા પણ આવે. પરિણામે તમારા કામના વખાણ થાય. વધારે જવાબદારી સોંપાય ને તમારા કામની નોંધ લેવાય. જે તમને ઉચ્ચ સ્થાન પરતો લઈ જાય.

તમો કોઈ સ્થાન શઓભાવતા હો કે ન હો, કદાચ કામની શોધમાં હો, ત્યારે પણ નાના કામ પરત્વે ઉદાસીન ન રહો, ભાવપૂર્વક કામ કરવાની ટેવ પડે તો તુરત કામ મળે છે. વળી આપણે જે કામ કરીએ છીએ તે લોકોના હિત માટે છે. યજ્ઞાર્થે છે તેથી તે પવિત્ર જ હોવું જોઈએ. તેવું વિચારો તો લાંચ રૂશ્વતના મોહમાંથી છૂટાય. પ્રમાણિક વહીવટદાર તરીકે ખાતામાં તમારું નામ મનાય જે તમને યોગ્ય સમયે સિદ્ધિ અપાવે. ભગવાને કર્મ અને મને અર્પણ કર તેમ કહ્યું તેનો અર્થ તમારું મન તમારા કર્મમાં પરોવો. ભાવ પૂર્વક કાર્ય કરો તેવો કરવાનો છે. હવે અર્જુનને શ્રદ્ધા બેઠી હશે. આ રસ્તો અભ્યાસ કરતાં સરળ ખરો. પણ આનાથી આગળ કંઈ ખરું.બૃહદ આરણ્યક ઉપનિષદમાં નારદજી સતતકુમારને આવો પ્રશ્ન પૂછે છે અને સનતકુમાર જેમ શ્રીકૃષ્ણ પણ કહે છે. હા ત્રીજો માર્ગ પણ છે. તદન સરળ છે તું તારા કર્મના ફળની આશા ન રાખ નિષ્કામ કર્તવ્ય કર્મ બજાવ્યે જા. અનાસકત ભાવે કરાવેલ કર્મ પણ પરમ સિદ્ધિ આપે છે. માટે તું ફળની ચિંતા કર્યા વિના પરિણામની રાહુ જોયા વિના ફરજ બજાવ.

નિષ્કામ ભાવે કર્મ કરવાની ચર્ચા આપણે ત્યાં ઘણી થઈ છે. તેના વિવિધ પાસાઓ પર ઉત્તમ અધિકારી વિદ્યાનોએ પોતાના મંતવ્યો પ્રગટ કર્યા છે. આપણી ચર્ચા તો અતિ સીમિત છે. આજનાં પ્રવાન પોતે જ્યાં ગોઠવાયો છે ત્યાં નિષ્કામ ભાવે કર્મ થઈ શકે ખરું અને અનાશકત ભાવે, ફળની અપેક્ષા વિના કરાયેલું કર્મ શું ખરેખર ફળ ન આપે? પહેલી વાત તો એ છે કે કર્મ આસકત ભાવે થયું હોય કે અનાશકત ભાવે. કર્મ આસકત ભાવે થયું હોય કે અનાશકત ભાવે કર્મ તેના ફળ જરૂર આપે. યોગ્ય બીજ વવાય તો અંકરુ ફૂટે જ. નિષ્કામનો અર્થ માત્ર એટલો જ ધરાવવાનો કે તમારા કાર્ય માટે કોઈ અપેક્ષાઓ ઊભી ન કરો. સકામ કર્મી અપેક્ષાઓ સાથે કર્મ કરે છે અને અપેક્ષાઓ તો શ્વાન જેવી છે. શ્વાન સાથે પ્રીતડી, બે બાજુનું દુઃખ એમ અપેક્ષાઓ બંને બાજુ તે સંતોષાય તો પણ અને ન સંતોષાય તો પણ દુઃખ આપે. એકમાં અભિમાન વધે. બીજામાં તીરસ્કાર આવે.

માનો કે તમે અમુક કાર્ય ઓફિસમાં કર્યું તેમ ધાર્યું કે તમારા બોસ ખુશ થશે અને જો ખુશ થશે તો તેમને થું અભિમાન આવશે એ તમારા વખાણ કરશે ને તમે ફુલાશો. કદાચ સહકર્મીની ઈર્ષા પાત્ર બનશો અને જો બોસ કશું ન કહે તે તો તમારા દીલમાં ડંખ ખશે. આમ સકામી કર્મ કરનારને મળનારું ફળ હાની કારક બને છે પણ જો તમે કામની કદર થાય કે ન થાય એવું કંઈ વિચાર્યા વિના પ્રેમ પૂર્વક કામ કર્યું હશે તો ન તો તમારામાં અહંકાર આવશે ન તો તમારા મનમાં હિન ભાવ જાગશે.

વિનોબા કહે છે કે ફલાસકત કરતાં ફળ ત્યાગીને વધારે ફળ મળે છે. ઘણી વખત એવો અનુભવ થાય કે માલ વેચનાર કહે. ભાવ નથી કરવો, તમે રાજી થઈ જે આપશો તે લઈ લઈશ અને તે લઈ પણ લે છે. ત્યારે આપણે પદાર્થની કિંમત કરતાં વધારે આપ્યું હોય છે આમ તેને અપેક્ષા કરતાં અધિક મળે છે. અને પરમાત્મા તો દયાળુ છે તે આપણા કર્મોના વધારેમાં વધારે બદલો આપતાં હોય છે. આ તો સ્થૂલ ફળની વાત થઈ પણ નિષ્કામ ભાવે કરાતા કર્મો તેના કર્તાને આનંદ આપે છે. અનાસકત ભાવે થતું કર્મ વધારે સ્પષ્ટ ચોકકસ અને સ્પષ્ટ હોય છે અને તમારું કર્મ જ તમારી મહેનતનો બદલો બને છે હવે તમે ફળને નહીં પણ કર્મને પ્રેમ કરવા લાગે છે. વળઈ તમારા કાર્યની કદર તો થશે જ સાથે કોઈ તમારી ઈર્ષા નહી કરે. કારણ તમારા કર્મનો તાત્કાલિક કોઈ બદલો નથી મળતો. પણ તમારું મન આનંદ અનુભવે છે બસ આજ તો કામમાં મજા પડી ગઈ. તેવો ભાવ થાય છે.

નિષ્કામ ભાવે કરાયેલું કર્મ તેના કર્તાને તો આનંદ આપે છે. પણ સાથે જેના માટે તે કરાયું હોય તેને પણ આનંદ આપે છે. એક થોડા સમય અગાઉ અમને એક કોચ- કન્ડકટરનો તેવો અનુભવ થયો હતો. કમનસીબે અમને અપર સીટ મળેલી. કન્ડકટરને અમે અમારી સ્થિતિ દર્શાવી ત્યારે તેણે ખંતપૂર્વક અન્ય કોચમાં તપાસ કરી બે સ્તર રાખી અમારો સામાન ઉપાડી દોરી ગયા. ને બસ આરામ કરો. કહી ચાલતો થયો. તેના આ કાર્ય તેને સેવાનો સંતોષ આપ્યા. અમને તેમની માનવતા સ્પર્શી ગઈ માનો કે તેણે કિંમત માગી હોત તો આપત પણ આજે તેને યાદ કરત ખરા.. આમ અનાશકત કર્મ તેના કર્તાને તથા અન્યને પણ સુખ શાંતિ આપે છે.

ભગવાન કહે છે કર્મ ફળનો ત્યાગ તને મારી સાથે જોડશે. પરમ સ્થાન પામીશ. જે કોઈ વ્યક્તિ પોતાના સ્થાન પર રહી આ સંદેશો ઝીલશે. તે અવશ્ય સિદ્ધિ પામશે. બાકી ઉચ્ચ સ્થાને પહોંચવા માટે કર્મ કરવું જ પડવાનું. અભ્યાસથી કરો. યજ્ઞ ભાવે કરો કે અનાસક્ત ભાવે કરો. ????